મારી વાત.....

શૈક્ષણિક કારકીર્દિ અનેકવિધ મુશ્કેલીઓ વચ્ચે આરંભી અને કૌટુંબિક જવાબદારીઓ વચ્ચે એમ.એ. સુધી પહોંચ્યો. મનની તમન્ના હતી એય શૈક્ષણિક ક્ષેત્રમાં જોડાયો. ભાષાના શિક્ષક તરીકે બે દાયકા કામ કરતાં રસ અને રુચિ કેળવાયાં અને વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓમાં રસ લેતો થયો. આના પરિણામે પી.એચ.ડી. કરવાની વૃત્તિ જાગી. આ વાત મારા માર્ગદર્શક ડૉ. મહૂત ઓઝાને કરી. તેમણે ઉત્સાહથી મને પ્રોત્સાહિત કરી સંશોધન કરવા ઉશ્કેર્યો. મારું પ્રિય સ્વરૂપ આમ તો કવિતા પણ નવલકથા મને વધુ ગમે. મેં પ્રસ્તાવ મૂક્યો કે નવલકથાક્ષેત્રે કંઇક કામ થાય એવી મારી ઇચ્છા ખરી. એમણે મને સ્વાતંત્ર્યોત્તર નવલકથા પર કામ કરવા કહ્યું. પ્રાથમિક અભ્યાસ પછી અમે એ મત પર આવ્યા કે આ ગાળાની પ્રયોગશીલ નવલકથા પર સંશોધન થાય તો કંઇક કામ થયાનો સંતોષ માણી શકાય. આ અંગે ચર્ચા કરતાં આ વિષય "સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી પ્રયોગશીલ નવલકથાની વસ્તુસંકલના" નક્કી કરી કામ આગળ ધપાવ્યું.

આરંભમાં અતિ ઉત્સાહને લીધે ઘણું કામ થયું પણ મારા માર્ગદર્શક ઓઝાસાહેબ વ્યવસાયાર્થે અમદાવાદમાં સ્થિર થતાં મંદ પડાયું. તેમજ યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે રજિસ્ટ્રેશન અંગે ગૂંચ ઊભી થઇ. ઉત્સાહ તૂટી પડયો પણ ઓઝાસાહેબની નિષ્ઠા, ગુજરાતી વિભાગના વડા ડૉ. સિતાંશુ યશશ્ચંદ્ર મહેતાસાહેબની હૂંફ

અને યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.બી.સી.પારેખસાહેબની મદદથી એ ગૂંચ ઉકલતાં પાછો સજ્જ થઇ મારા શોધકાર્યમાં પરોવાયો. અંતે વિઘ્નો વચ્ચે આ મારું કામ પૂરું કરી શકયો એ માટે હું આનંદની લાગણી અનુભવું છું.

મારા સંશોધન કાર્યમાં સતત સહાયરૂપ થવા માટે મારા માર્ગદર્શક ડૉ. મફત ઓઝાનો હું ઋણી છું. અને મને જયાં જયાં મુશ્કેલીઓ પડી ત્યાં ત્યાં મદદરૂપ થવા માટે ડૉ. સિતાંશુભાઇ મહેતા અને કુલપતિશ્રી બી.સી.પારેખસાહેબનો સાથ-સહકાર મળી રહ્યો છે, એ હું કયારેય ભૂલી શકું તેમ નથી. સંદર્ભગ્રંથોની સુવિધા કરી આપવા માટે હંસા મહેતા ગ્રંથાલયનો મેં લાભ લીધો છે. અને એના ગ્રંથપાલ અને અન્ય એમના સાથીઓનો આભારી છું. મારે મારા મોટાભાઇ સમાન પ્રિ. નટુભાઇ ઠક્કરની મીઠી ધાક-ધમકી ન હોત તો આ કામ કદાચ હજી પૂરું થયું ન હોત. મારા આ કાર્યમાં પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ રીતે સહાયક થનાર સૌને સ્મરું છું.

- રાવજી પટેલ.

તા: